રાજ્ય સરકારના કર્મચારીઓ માટેની જુથ વીમા યોજના ૧૯૮૧ અંતર્ગત ROP-2009 અને ROP-2016 સંદર્ભે જુથ વર્ગીકરણ નિયત કરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: જવય/૧૦૨૦૦૨/૫૧૮/ઝ
સચિવાલય, ગાંધીનગર
તા. 28 AUG 2018

વંચાણે લીધા :

૧. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: એપીબી/૧૦૭૮/૩૯૯૯(૭૯)/ઝ.૧, તા.૨૩/૧૧/૭૯
૨. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: એપીબી/૧૦૭૮/ભા.સ.(૭૯)/ઝ.૧, તા.૧૭/૧૨/૭૯
૩. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: એપીબી/૧૦૮૧/૩૧/ઝ, તા.૧૦/૧૧/૮૧
૪. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: જવય/૧૦૮૮/જીઓઆઇ/૧૦/ઝ.૧, તા.૧૦/૧૦/૮૮
૫. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: જીઆઇએસ/૧૦૮૯/જીઓઆઇ/૧/ઝ.૧, તા.૦૧/૦૯/૮૯
૬. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: જીઆઇએસ/૧૦૯૩/૯૯/ઝ.૧, તા.૨૬/૦૩/૯૩
૭. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: જેવીવાય/૧૦૦૧/૨૭૫/ઝ, તા.૩૧/૧૨/૨૦૦૨
૮. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: જનવ/૧૦૨૦૦૨/૫૧૮/૩(૦૪)/ઝ, તા.૧૨/૦૪/૦૪
૯. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: જવય/૧૦૨૦૦૨/૫૧૮/૨૨૪/૩/ઝ, તા.૦૭/૦૭/૨૦૦૫
૧૦. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: જવય/૧૦૨૦૦૨/૩૨૧/ ઝ, તા.૨૪/૦૪/૨૦૦૬
૧૧. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: જવય/૧૦૨૦૦૭/૩૯૭/ ઝ, તા.૦૭/૦૫/૨૦૦૭

ઠરાવ:

વિભાગના તા.૧૦/૧૧/૧૯૮૧ના ઠરાવથી રાજ્ય સરકાર અને પંચાયતના કર્મચારીઓ માટેની જૂથ વીમા યોજના, ૧૯૮૧ તા.૦૧/૦૪/૧૯૮૨ થી અમલમાં આવેલ છે. યોજનાની શરૂઆતથી અત્યાર સુધી સમયાંતરે પગાર ધોરણોમાં સુધારો થતા પગાર ધોરણોના આધારે જૂથ વર્ગીકરણમાં પણ સુધારાઓ કરવામાં આવેલ છે.

નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૦૯-૧-પગારએકમ(મ), તા.૧૨/૦૨/૨૦૦૯ મુજબ તા.૦૧/૦૧/૨૦૦૬ થી છઠ્ઠા પગારપંચ અન્વયે અને ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-૧-પગારએકમ, તા.૧૬/૦૮/૨૦૧૬ મુજબ તા.૦૧/૦૧/૨૦૧૬ થી સાતમા પગારપંચ અન્વયે રાજ્ય સરકારના તેમજ પંચાયતના કર્મચારીઓને પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. પરંતુ, છઠ્ઠા અને સાતમા પગાર પંચ મુજબના પગાર ધોરણોને આધારે જૂથ વર્ગીકરણના હુકમો કરવામાં આવેલ નથી. તેથી તા.૦૧/૦૧/૨૦૦૬ બાદ આવેલ કર્મચારીઓ/અધિકારીઓને જે તે સંવર્ગના જૂના કર્મચારી/અધિકારીઓને લાગુ પડતા જૂથ મુજબ કપાત કરવામાં આવે છે.

હવે ROP ૨૦૦૯ અને ROP ૨૦૧૬ ને ધ્યાને લઇ જુથ વર્ગીકરણ માટે પગારબેન્ડ અનુસારના ગ્રેડ-પે અને સાતમા પગારપંચ અનુસારના પે મેટ્રીક્સ લેવલને ધ્યાને લઇ જુથ વર્ગીકરણ કરવાની બાબત વિચારણા હેઠળ હતી. તે અન્વયે કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે દર્શાવ્યા મુજબનુ વર્ગીકરણ કરવાનું ઠરાવવામાં આવે છે.

### ROP-2009મુજબના પગાર ધોરણને આધારેજૂથ વર્ગીકરણ

| ક્રમ | છઠ્ઠા પગાર પંચ મુજબ સૂચિત પે બેન્ડ + ગ્રેડ પે | જૂથ વર્ગીકરણ |
|---|---|---|
| ૧. | રૂ.૫૪૦૦/- કે તેથી વધુ ગ્રેડ પે ધરાવતી જગ્યાઓ | જૂથ "ક" |
| ૨. | રૂ.૪૪૦૦/- કે તેથી વધુ પરંતુ રૂ.૫૪૦૦/- થી ઓછો ગ્રેડ પે ધરાવતી જગ્યાઓ | જૂથ "ખ" |
| ૩. | રૂ.૧૮૦૦/- કે તેથી વધુ પરંતુ રૂ.૪૪૦૦/- થી ઓછો ગ્રેડ પે ધરાવતી જગ્યાઓ | જૂથ "ગ" |
| ૪. | રૂ.૧૩૦૦/- કે તેથી વધુ પરંતુ રૂ.૧૮૦૦/- થી ઓછો ગ્રેડ પે ધરાવતી જગ્યાઓ | જૂથ "ઘ" |

### ROP-2016મુજબના પગાર ધોરણને આધારે જૂથ વર્ગીકરણ

| ક્રમ | સાતમા પગાર પંચ મુજબ પે મેટ્રીક્સ લેવલ | જૂથ વર્ગીકરણ |
|---|---|---|
| ૧. | લેવલ-૯ કે તેથી વધુના લેવલનો પગાર ધરાવતી જગ્યાઓ | જૂથ "ક" |
| ૨. | લેવલ-૭ અને લેવલ-૮ નો પગાર ધરાવતી જગ્યાઓ | જૂથ "ખ" |
| ૩. | લેવલ-૧ થી ૬ નો પગાર ધરાવતી જગ્યાઓ | જૂથ "ગ" |
| ૪. | લેવલ-IS-1, IS-2, IS-3નો પગાર ધરાવતી જગ્યા | જૂથ "ઘ" |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.કે.પટેલ )
નાયબ સચિવ(પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રી ગુજરાત વિધાનસભા, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગાંધીનગર નાણા વિભાગ.
- સચિવશ્રી (આ.બા.) ના રહસ્ય સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર નાણા વિભાગ.
- સચિવશ્રી (ખર્ચ) ના રહસ્ય સચિવશ્રી સચિવાલય ગાંધીનગર નાણા વિભાગ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, વીમા નિયામકની કચેરી, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર /અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર /અમદાવાદ.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણા વિભાગના તમામ શાખાઓ (નાણા શાખાઓ સહિત)
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ – વેબસાઇટ ઉપર મૂકવા માટે.
- પસંદગી ફાઇલ,-ઝ શાખા